યા દેવી સર્વભૂતેષુ લજ્જા રૂપેણ સંસ્થિતા, નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમો નમઃ

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૨૩ | ૨૨ ઓક્ટોબર, ૨૦૨૦, ગુરુવાર; નિ. આસો સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કેન્દ્રના ૩૦ લાખ કર્મીઓને દશેરાએ દિવાળી

## કેન્દ્ર સરકારની દિવાળી પહેલાં કર્મચારીઓને ભેટ : દિવાળી બોનસ અપાશે : સરકારી ખજાના પર ૩૭૩૭ કરોડ રૂપિયાનો બોજો પડશે, દિવાળીમાં અર્થતંત્રને વેગવંતુ બનાવવા સરકારનો પ્રયાસ : કેન્દ્રી કેબિનેટનો નિર્ણય

નવી દિલ્હી, તા.૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં થયેલ કેબિનેટની બેઠકમાં એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. કેબિનેટે ૩૦ લાખ સરકારી કર્મચારીઓને દિવાળી બોનસ આપવાની જાહેરાત કરી છે.

મળતી માહિતી મુજબ કેબિનેટ બેઠકમાં થયેલ નિર્ણયોની માહિતી આપતા કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે જણાવ્યું કે ડીબીટી એટલે કે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરના માધ્યમથી સરકારી કર્મચારીઓના ખાતામાં પૈસા સીધા ટ્રાન્સફર કરવામાં આવશે. તેમણે જણાવ્યું કે તરત જ પૈસા ટ્રાન્સફર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આપને જણાવી દઈએ કે આ પહેલા નાણાપ્રધાન નિર્મલા સીતારમણે સરકારી કર્મચારીઓ માટે સ્પેશિયલ ફેસ્ટિવલ એડવાંસ સ્કીમ શરૂ કરવાની જાહેરાત કરી હતી.

કોવિડ ૧૯ના કારણે ભાંગી પડેલ અર્થતંત્રને ફરી વેગવાન કરવા સરકાર સતત પ્રયત્ન કરી રહી છે. જે હેઠળ આજે કેબિનેટની બેઠકમાં નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે પ્રોડક્ટિવિટી અને નોન-પ્રોડક્ટિવિટી લિંક્ડ બોનસની જાહેરાત કરવામાં આવી છે. સરકારની આ જાહેરાતથી ૩૦ લાખ ૬૭ હજાર નોન-ગજેટેડ સરકારી કર્મચારીઓ અને અધિકારીઓને લાભ મળશે. જોકે, આ જાહેરાત બાદ સરકારી ખજાના પર ૩,૭૩૭ કરોડ રૂપિયાનો બોજો વધશે. પ્રકાશ જાવડેકરે કહ્યું કે બોનસને સિંગલ ઈન્સ્ટોલમેન્ટમાં જાહેર કરવામાં આવશે. આ મૂડી ડીબીટીના માધ્યમથી વિજયાદશમી પહેલા જારી કરવામાં આવશે. આ પહેલા સરકારે એલટીસી કેશ વાઉચર સ્કીમની જાહેરાત પણ કરી હતી. જે હેઠળ લીવ ટ્રાવેલ્સ કંપેનસેશનનો ત્રણ ગણો ખર્ચ કરી આનો લાભ લઈ શકાશે.

જેમને બોનસનો લાભ મળવાનો છે તેમાં રેલવે, પોસ્ટ ઓફિસ, ઈપીએફઓ અને ઈએસઆઈસીના ૧૭ લાખ કર્મચારીનો સમાવેશ થાય છે. તેને પ્રોવક્ટિવિટી લિંક્ડ બોનસ આપવામાં આવશે. અન્ય ૧૩ લાખ કેન્દ્રીય કર્મચારીઓને નોન-પ્રોડક્ટિવિટી લિંક્ડ બોનસ મળશે. સરકારનો આ નિર્ણય એટલા માટે મહત્વનો છે કારણ કે તહેવારોની સિઝનમાં લોકો વધારે ખર્ચ કરી શકે. સરકારનું કહેવું છે કે મધ્યમ વર્ગના હાથમાં પૈસા આવવાથી બજારમાં માંગ વધશે અને અર્થતંત્રને ફાયદો થશે.

# લદાખથી પકડાયેલા સૈનિકને ચીનને પરત સોંપ્યો

## પકડાયેલા ચીન સૈનિકને સોંપ્યા બાદ પડોશી દેશે આભાર માન્યો : ચીની સૈનિક કેટલાક પશુપાલકોને રસ્તો બતાવવાના ચક્કરમાં પોતે જ ભૂલથી એલએસી પાર કર્યા બાદ ભારતીય સરહદમાં પ્રવેશ કરતા ઝડપાયો હતો

નવી દિલ્હી,તા.૨૧

ભારત-ચીન સરહદ પર મહિનાઓથી ચાલી રહેલા તણાવની વચ્ચે ભારતીય સેનાએ ચીનના આગ્રહને માનતા મંગળવારે સરહદની પાસેથી પકડાયેલા ચીની સૈનિકને સકુશળ પરત સોંપી દીધો છે. ચીનની પીપલ્સ લિબરેશન આર્મીએ એક નિવેદન જાહેર કરી ભારતીય સેનાના સૈનિકને પરત સોંપવાનો આગ્રહ કર્યો હતો. ચીની સેનાનું કહેવું છે કે આ સૈનિક કેટલાક પશુપાલકોને રસ્તો બતાવવાના ચક્કરમાં પોતે જ ભૂલથી ન્છઝ પાર કરી ભારતીય સરહદમાં પ્રવેશ કરી ગયો હતો. નોંધનીય છે કે, ભારતીય સેનાએ સોમવારે કહ્યું હતું કે તેણે પીએલએના એક સૈનિકને પૂર્વ લદાખના ડેમચોક સેક્ટરમાં સોમવારે ત્યારે પકડાયો, જ્યારે તે એલએસી પર ભટકતો જોવા મળ્યો હતો. બુધવાર સવારે આ સૈનિકને પરત સોંપી દેવામાં આવ્યો છે. ચીની સેનાએ ભારતીય સેનાને આ સકારાત્મક વ્યવહાર માટે આભાર વ્યક્ત કર્યો છે અહને મહિનાઓથી ચાલી રહેલા તણાવની વચ્ચે આ સારા સંકેત માન્યા છે. નોંધનીય છે કે ગલવાન ઘાટીમાં હિંસક ઘર્ષણ બાદથી બંને દેશોમાં તણાવ ચાલી રહ્યો છે અને ચીન-ભારતની વચ્ચે કમાન્ડર લેવલની આઠથી વધુ વાર વાતચીત થઈ ચૂકી છે. ચીની સેનાએ કર્યો હતો આગ્રહઁ પીએલએની વેસ્ટર્ન થિયેટર કમાન્ડના પ્રવક્તા સીનિયર કર્નલ

● અનુસંધાન પાન-૭ પર



# મોદી-દલાઈ લામા સહિત અનેક પાછળ ચીને જાસૂસ મૂક્યા હતા

## ચીની જાસૂસી કાંડમાં મોટો ઘટસ્ફોટ : ભારતીય મંત્રાલયમાં કામ કરનારા ઉચ્ચ અધિકારીઓ અને બ્યૂરોક્રેટ્સની જાણકારી મેળવવામાં આવી રહી હતી

નવી દિલ્હી, તા.૨૧

ભારતમાં ચીની જાસૂસી કાંડની તપાસમાં મોટો ઘટસ્ફોટ થયો છે. સુત્રોનાં જણાવ્યા અનુસાર વડા પ્રધાન કાર્યાલય ઉપરાંત દલાઈ લામા અને ભારતમાં લગાવેલ સુરક્ષા ઉપકરણ પણ ચીની જાસૂસોના નિશાના પર હતા. પકડી પાડવામાં આવેલ ચીની જાસૂસી નેટવર્કની પુછતાછમાં સામે આવ્યું છે કે ભારતીય મંત્રાલયમાં કામ કરનાર ઉચ્ચ અધિકારીઓ અને બ્યૂરોક્રેટ્સની જાણકારી મેળવવામાં આવી રહી હતી.

ચીની જાસૂસ ક્વિંગ શીની પુછતાછમાં સામે આવ્યું કે, ચીને ભારતમાં પોતાની જાસૂસી ટીમને પીએમઓ સહિત મોટી ઓફિસોની અંદરની જાણકારી આપવા માટે કહ્યું હતું. જેમ કે, ઓફિસમાં કયો માણસ મહત્વપુર્ણ છે, કયા પદ પર છે અને કેટલો પ્રભાવશાળી છે.

પુછતાછમાં ચીનના આ જાસૂસી નેટવર્કમાં મહાબોધી મંદિરના એક પ્રમુખ બોદ્ધ ભિક્ષુ અને કોલકાતાની એક પ્રભાવશાળી મહિલા પણ સામેલ હોવાની વાત સામે આવી રહી છે. કહેવામાં આવી રહ્યું છે કે, ક્વિંગ શીને આ મહિલા સાથે મુલાકાત

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- જલગાવથી સુરત આવી રહેલી ખાનગી બસ કોંડાઈભારી ઘાટ પાસેના પુલ પરથી ખાઈમાં પડી : ૩૫ ઈજાગ્રસ્ત : ૫ના મોત
- કરાચી યુનિવર્સિટી સામે બ્લાસ્ટ
- દિલ્હીમાં પ્રદૂષણ વકરતા સરકાર દ્વારા રેડ લાઈટ ઓન ગાડી ઓફ અભિયાન શરૂ.
- દેશમાં ડુંગળીની આયાતના નિયમો હળવા કરાયા.
- કેન્દ્ર સરકાર દ્વારા તહેવારો દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમો માટે ગાઈડ લાઈનની જાહેરાત
- મહારાષ્ટ્રમાં ડ્રગ બનાવવા અને વેચવાના આરોપમાં ૩ની ધરપકડ : ૨૦ કરોડ જપ્ત કરાયા
- ચુંટણી પંચે કમલનાથને 'આઈટમ' શબ્દ માટે નોટીસ ફટકારી
- ગુજરાતી રંગભૂમિ તથા ટીવી કલાકાર હસમુખ ભાવસારનું નિધન

# રીલાયન્સ Jio 5Gનુ સફળ ટેસ્ટિંગ, ભારતમાં હવે ટૂંક સમયમાં આવશે

## ટેકનિકે બધા પેરામીટર પર પોતાને ઉત્તમ સાબિત કરી : રિલાયન્સ જિયોએ અમેરિકાની ટેકનોલોજી ફર્મ ક્વાલકોમ સાથે મળીને પર ટેકનિકનું સફળ ટેસ્ટિંગ કરી લીધું છે

નવી દિલ્હી,તા.૨૧

અમેરિકાની ટેકનોલોજી ફર્મ ક્વાલકોમ સાથે મળીને રિલાયન્સ જિયોએ અમેરિકામાં પોતાની પજી ટેકનોલોજીનું સફળ ટેસ્ટિંગ કર્યું છે. અમેરિકાના સાન ડિયાગોમાં યોજાયેલી એક વર્ચુઅલ ઈવેન્ટમાં આ જાહેરાત કરવામાં આવી. રિલાયન્સ જિયોના પ્રેસિડન્ટ મેથ્યુ ઓમાને ક્વાલકોમ ઈવેન્ટમાં કહ્યુ કે, ક્વાલકોમ અને રિલાયન્સની સબ્સિડિયરી રેડિસિસ સાથે મળીને અમે પજી ટેકનિક પર કામ કરી રહ્યા છીએ, જેથી ભારતમાં તેને જલદી લોન્ચ કરવામાં આવી શકે. આવનારા દિવસોમાં ભારતમાં ૧જીબીપીએસની સ્પીડ યૂઝર્સને મળશે. લગભગ ૩ મહિના પહેલા જ ૧૫ જુલાઈએ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીની એજીએમમાં રિલાયન્સ જિયોના માલિક મુકેશ અંબાણીએ પજી ટેકનોલોજી શોધવાની જાહેરાત કરી હતી. સ્થાનિક સંસાધનોનો ઉપયોગ કરી વિકસિત કરાયેલી આ ટેકનિકને દેશને સોંપતા મુકેશ અંબાણીએ કહ્યું હતું કે, પજી સ્પેક્ટ્રમ ઉપલબ્ધ થતા જ ટેકનિકના નિકાસ પર રિલાયન્સ ભાર આપશે. ભારતમાં અત્યાર સુધી પજી ટેકનિકના ટેસ્ટિંગ માટે




રિલાયન્સ જિયો પજી ટેકેનિકના ટેસ્ટિંગ માટે તૈયાર છે અને પર ટેકનિકના સફળ ટેસ્ટિંગ પછી આ સ્પેક્ટ્રમ ઉપલબ્ધ નથી થઈ શક્યું અમેરિકામાં રિલાયન્સ જિયોની પર ટેકનિકનું સફળ ટેસ્ટિંગ કરી લેવાયું છે. ટેકનિકે સંપૂર્ણ રીતે બધા પેરામીટર પર પોતાને ઉત્તમ સાબિત કરી છે. ક્વાલકોમના સીનિયર ઉપાધ્યક્ષ દુર્ગા મલ્લદીએ કહ્યું કે, અમે જિયો સાથે મળીને ઘણા પ્રકારના એકપેન્ડેબલ સોલ્યુશન તૈયાર કરી રહ્યા છીએ.

આ વર્ષે જુલાઈમાં ક્વાલકોમ વેન્ચરના ઈન્વેસ્ટમેન્ટ યુનિટ ક્વાલકોમ ઈક્રે જિયો પ્લેટફોર્મ્સમાં રોકાણની જાહેરાત કરી હતી. ક્વાલકોમે જિયો પ્લેટફોર્મ્સમાં ૦.૧૫ ટકા ભાગીદારી માટે ૭૩૦ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું. રિલાયન્સના ચેરમેન મુકેશ અંબાણીએ કહ્યું હતું કે, ક્વાલકોમ સાથે મળીને જિયો પજી વિઝન પર કામ કરશે અને ભારતના ડિજિટલ ટ્રાન્સફોર્મેશનમાં સહકાર આપશે. ક્વાલકોમ ટેકનોલોજી દુનિયાની અગ્રણી વાયરલેસ ટેકનોલોજી ઈનોવેટર છે અને પજી ટેકનિક પર કામ કરે છે.

# ઈડી દ્વારા સપ્તાહમાં બીજી વાર ફારૂખ અબ્દુલ્લાની પૂછપરછ

## જમ્મુ-કાશ્મીર ક્રિકેટ એસો.ના કરોડોના કૌભાંડમાં કથિત મની લોન્ડરિંગના કેસમાં ફારૂખ ઈડી સમક્ષ હાજર થયા

શ્રીનગર, તા.૨૧

નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ ફારુક અબ્દુલ્લા બુધવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) સમક્ષ પૂછપરછ માટે હાજર રહ્યા છે. એક સપ્તાહમાં બીજી વખત ફારુક અબ્દુલ્લાની મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ કરવામાં આવી રહી છે. જમ્મુ કાશ્મીર ક્રિકેટ એસોસિએશનના કરોડોના કૌભાંડમાં કથિત મની લોન્ડરિંગના કેસમાં નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ ફરતે ગાળિયો કસાયો છે.

૮૨ વર્ષીય અબ્દુલ્લા જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી હતા અને ૧૯ ઓક્ટોબરના પણ ઈડીએ તેમની ૬ કલાક પૂછપરછ કરી હતી. સોમવારે થયેલી પૂછપરછ બાદ અબ્દુલ્લાએ જણાવ્યું કે તેઓ સહેજ પણ ગભરાતા નથી અને તપાસમાં સહકાર આપશે.

● અનુસંધાન પાન-૭ પર

Pagarav Hospital & I.C.U.
પગરવ હોસ્પિટલ અને આઈ.સી.યુ.
૫૧૨/૧, ૨૪ ચાર રસ્તા પાસે, એસબીઆઈની સામે, સે-૨૩, ગાંધીનગર
ઈમરજન્સી હેલ્પલાઈન નંબર : ૮૯૮૦૮ ૦૯૭૫૩ / ૫૪
!!! અભિનંદન !!!
પગરવ મલ્ટિસ્પેશ્યાલિટી હોસ્પિટલ
તા. ૨૨-૧૦-૨૦૨૦ ના રોજ પાંચ વર્ષ પુરા કરી
છઠ્ઠા વર્ષમાં મંગલ પ્રવેશ
કરી રહી છે તે બદલ ગાંધીનગરની તમામ જનતા, પગરવના દર્દીઓ, તમામ ડૉક્ટરશ્રીઓ તથા સર્વે સ્નેહીજનોનો તેમણે મુકેલ વિશ્વાસ બદલ આભાર... ઉજવણીના ભાગરૂપે
તારીખ ૧૯-૧૦-૨૦ થી ૨૪-૧૦-૨૦ સુધી
હોસ્પિટલની તમામ રેગ્યુલર ઓ.પી.ડી., ઈ.સી.જી તથા એક્સ-રે માં ૫૦%ની રાહત તેમજ દવા અને લેબ ટેસ્ટમાં ૧૦% ની રાહત રહેશે.
કેશલેસ અને મેડીકલેમની સુવિધાઓ ઉપલબ્ધ
મુખ્યમંત્રી અમૃતમ, આયુષ્માન ભારત, બાલસખા
● ફિઝીશીયન ● જનરલ સર્જન ● ગાયનેક ● પિડીયાટ્રીક ● ઓર્થોપેડીક ● ઓપ્થેલ્મોલોજી ● સ્કીન ● ડેન્ટલ
● ઈ.એન.ટી. ● ડાયાલીસીસ ● ફિઝીયોથેરાપી ● આઈ.સી.યુ. ● એન.આઈ.સી.યુ. ● મનોરોગ ● કેંસર સર્જરી ● યુરો સર્જરી
● પિડિયાટ્રિક સર્જરી ● રિપ્લેસમેન્ટ સર્જરી ● પ્લાસ્ટિક સર્જરી ● ન્યુરો સર્જરી ● સ્પાઈન સર્જરી ● કોસ્મેટીક સર્જરી
સર્વોત્તમ સ્વાસ્થ્યપ્રદ સુવિધાઓ આપના બજેટમાં...




# મહારાષ્ટ્રમાં ભાજપના અગ્રણી એકનાથ ખડસેનું રાજીનામું, એનસીપીમાં જોડાશે

મુંબઈ,તા.૨૧

ભાજપના વરિષ્ઠ નેતા એકનાથ ખડસેએ પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું હતું. ખડસેએ ભાજપના પ્રદેશ અધ્યક્ષ



ચંન્દ્રકાંત પાટીલને પોતાનું રાજીનામું સોંપ્યું હતું. રાજીનામામાં ખડસેએ વ્યક્તિગત કારણોસર પાર્ટી છોડ્યાનું જણાવ્યું છે. જયારે વાતચીતમાં પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ પર બરાબરની હૈયાવરાળ ઠાલવી છે.

એકનાથ ખડસેએ કહ્યુ હતું કે, પાર્ટી છોડવાની મારી કોઈ ઈચ્છા જ નહોતી, પણ એક વ્યક્તિના કારણે પાર્ટી છોડવી પડી રહી છે. આ નેતાની ફરિયાદ મેં

**પાર્ટી છોડવાનીકોઇ ઇચ્છા નહોતી પણ એક વ્યક્તિના કારણે પાર્ટી છોડવી પડીઃ ફડણવીસ પર ખડસેનો ટોણો**

પાર્ટીના વરિષ્ઠ નેતાઓને કરી હતી પરંતુ ત્યાં પણ મારી વાત સાંભળવામાં ના આવતા આખરે મેં પાર્ટી છોડવાનો નિર્ણય લીધો હતો.

ખડસેએ કહ્યું હતું કે, મારી નારાજગી દેવેદ્ર ફડણવીસને લઈને છે. માને લોકોનો સાથ છે અને મેં મારૂ રાજીનામું આપ્યું. હું એનસીપી સાથે જોડાઈશ. મેં પાર્ટીને ૪૦ વર્ષ આપ્યા. મારા પર આરોપ લાગ્યા ત્યારે મેં જાતે જ મુખ્યમંત્રી ફડણવીસને કહ્યું હતું કે, મારા પર ખોટા આરોપ લગાડવામાં આવી રહ્યાં છે.

ખડસેએ રાજીનામું આપ્યા બાદ હૈયા વરાળ ઠાલવતા કહ્યું હતું કે, છેલ્લા ૪ વર્ષથી પાર્ટીમાં બેઈજ્જતિ સહન કરવી પડતી હતી. હું ભાજપથી નારાજ નથી, એક

● અનુસંધાન પાન-૭ પર